પત્ની ધર્મ.

Nothing lovelier can be found
In *woman*, than to study household good,
And good works in her husband to promote.

(MILTON.)

" ગૃહકાર્યનો સમ્પૂર્ણ અભ્યાસ કરવો અને પોતાના પતિના અંગમાં સદ્ગુણોની વૃદ્ધિ કરવી. એના જેવું શોભામય, સ્ત્રીનું બીજું કોઇ પણ આભૂષણ નથી. " —**મિલ્ટન.**

લેખક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, રાજકોટ,-(કાઠિયાવાડ)

પ્રકાશક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, રાજકોટ,-(કાઠિયાવાડ)

વિ. સંવત ૧૯૭૦ પ્રત ૫૦૦ સને ૧૯૧૪.

આવૃત્તિ પહેલી,

શ્રી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મગનલાલે છાપ્યું.
પાંચકુવા—અમદાવાદ.

કિંમત બે આના.

પત્ની ધર્મ.

Nothing lovelier can be found
In *woman*, than to study household good,
And good works in her husband to promote.

(Milton.)

" ગૃહકાર્યનો સમ્પૂર્ણ અભ્યાસ કરવો અને પોતાના પતિના અંગમાં સદ્‌ગુણોની વૃદ્ધિ કરવી, એના જેવું શોભામય, આનું બીજું કોઈ પણ આભૂષણ નથી. " —મિલ્ટન.

લેખક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, રાજકોટ,—(કાઠીયાવાડ)

પ્રકાશક,

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ, રાજકોટ,—(કાઠીયાવાડ)

વિ. સંવત ૧૯૭૦ પ્રત ૫૦૦ સને ૧૯૧૪.

આવૃત્તિ પહેલી,

શ્રી "ગુજરાત" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.
પાંચકુવા—અમદાવાદ.

કિંમત બે આના.

☛ ગૃહસ્થોના ગૃહમંદિરોમાં રાખવા લાયક

તથા

નિશાળોમાં ઇનામ આપવા લાયક

સ્ત્રી પુરૂષોમાં નીતિ, જ્ઞાન અને આરોગ્ય ફેલાવનારાં ઘેર ઘેર પ્રિય થઇ પડેલાં લોકપ્રિય પુસ્તકો ક્યાં ક્યાં છે એ જાણવું હોય તો આ પુસ્તકનાં પાછલાં પૃષ્ટો વાંચો,—

અર્પણ પત્રિકા.

નામદાર દરબાર શ્રી ૭ પ્રતાપસિંહજી શૂર-
સિંહજી, ઠાકોર સાહેબ બહાદુર,

તાલુકા—લાઠી.

મહાશય,—

આપ વિદ્યાવૃદ્ધિનાં સંપૂર્ણ હિમાયતી છો. વિદ્યા-દેવીના પ્રેમી ભક્ત છો અને ઉછરતા ગ્રંથકારો પ્રતિ અનુકંપા ધરાવો છો. મનુષ્યજીવનનું સાર્થક કરવાના વિશાળ પ્રદેશ ઉપર આપની દૃષ્ટિ રમતી રહે છે અને જન હિતના રોપાઓની સારવાર કરવામાં ઉત્સુક છો. આ અને આવા કેટલાક ગુણોથી આકર્ષાઇ આ "પત્ની ધર્મ" નામનું લઘુ પુસ્તક આપને અર્પણ કરતાં અતિ આનંદ પામું છું.

આપશ્રીનો આભારી,—

નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

પ્રસ્તાવના.

આ નાનાં પુસ્તકમાં કાંઇ નવીન વિષય લખવામાં આવ્યો નથી પરન્તુ અણસમજુ સ્ત્રીઓની વૃત્તિ નિર્મળ થઇ પોતાનું ખરૂં કર્ત્તવ્ય શું છે તે સમજે અને તેઓનું પોતાનું જીવન સુખરૂપ બને તથા પોતાનું કલ્યાણ સાધી પોતાના પતિના હૃદય મન્દિરમાં અચળ પ્રસન્નતા સ્થાપે અને પોતાનાં ખરાં કર્ત્તવ્યમાં અખંડ ઉત્સાહ પૂર્વક લાગી રહે એજ શુભ નેમથી “ પત્ની ધર્મ ” નામનું આ લઘુ પુસ્તક લખાયું છે. કોઇ પણ માણસ સર્વને અનુકૂળ લાગે તથા રૂચે એવું કાર્ય નજ કરી શકે અને તેવો દોષ સુજ્ઞજનો આ લઘુ પુસ્તકમાં પણ જતો કરશે એવી ઉમેદ છે.

વાંચનારમાંના કોઇને પણ આ લઘુ પુસ્તકથી ફાયદો થશે તો મ્હારા લીધેલા શ્રમનો સમ્પૂર્ણ બદલો મળેલો માનીશ.

આ લઘુ પુસ્તકને નામદાર લાઠી ઠાકોર સાહેબ તરફથી મળેલ ઉત્તેજન માટે એ વિદ્યા પ્રેમી દરબાર સાહેબનો અંતઃકરણથી અત્રે ઉપકાર પ્રદર્શિત કરતાં આનંદ થાય છે.

વૈશાખ વદી ૧૩,
સોમવાર. } નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ.

" અમારા કંથના માટે ! "

—ગઝલ*—

અમે આ દેહ ધારી છે, અમારા કંથના માટે,
વળી માયા વધારી છે, મનોહર નાથના માટે. અમે.

પિયર પળમાં તજી દઇને, સુભાગી સાસરે આવ્યાં;
રમત સર્વે વિસારી છે, અમારા કંથના માટે. અમે.

પિતાથી લાડ કરતાં'તાં, પજવતાં માતને ભારે;
હવે બુદ્ધિ સુધારી છે, મનોહર નાથના માટે. અમે.

કહ્યું ના કોઇનું કરતાં, અતી ઉન્મત થઇ ફરતાં;
હવે તો લાજ ધારી છે, અમારા કંથના માટે. અમે.

જુનાંની પ્રીત તોડીને, નવાંથી સ્નેહ જોડીને;
ગરવની ગાંઠ વાળી છે, મનોહર નાથના માટે. અમે.

ટુંકારા સાસુના ખાધા, નણંદના બોલ સાંખ્યા છે,
ક્ષમાની ઢાલ ધારી છે, અમારા કંથના માટે. અમે.

પરાધિન પીંજરે રહીને, હશે કદિ કષ્ટ કંઇ વેઠયું;
ઉદાસી ટેવ ટાળી છે, મનોહર નાથના માટે. અમે.

પતિની સેવ છે સાચી, રહી નિજ નાથમાં રાચી;
અનીતિ તો અકારી છે, અમારા કંથના માટે. અમે.

---

* रा. माणिकान्त कृत.

ધરી શણુગાર શુભ અંગે, ઠમકતી ચાલ ચાલીને;
શરીર શોભા વધારી છે, મનોહર નાથના માટે. અમે.

કહે તે કંથ કરવાનાં, પતિને દેવ ગણુવાનાં;
અડગ એ ટેક ધારી છે, અમારા કંથના માટે. અમે.

પતિનાં સુખમાં સુખિયાં, પિયુના દુઃખમાં દુખિયાં;
સરસ રીત એ સ્વીકારી છે, મનોહર નાથનાં માટે. અમે.

પતિનું આંસુ પડશે ત્યાં, અમારૂં લોહી આપીશું;
પતિવ્રત માળ પહેરી છે, અમારા કંથના માટે. અમે.

* સતીય જો કાયમ રહે પિયરમાં,
બને છ શંકાસ્પદ પત્ની લોકમાં;
રહે સગાં તેથી સદા જ એ વસે,
સમીપ ભર્ત્તાની, ન હેત હો ભલે.

* रा. ब. क. ठाकोर कृत.

પત્ની ધર્મ.

"પિતાએ અથવા પિતાની આજ્ઞાથી પોતાના ભાઇએ જેની સાથે લગ્ન કર્યા હોય, તેવા ધણીની, સ્ત્રીએ જીવતાં સુધી સેવા કરવી અને મરણ પામ્યા પછી પણ તેની આજ્ઞાનો લોપ કરવો નહિ."

(મનુ.)

"The utmost blessing that can God confer on a man is the possession of a good and pious wife, with whom he may live in peace and tranquility–to whom he may confide his whole possession, even his life and welfare,"

(LUTHER.)

"તેજ ભાર્યા કે જેના સહવાસમાં કલેશરહિત શાન્તિમય જીવન ગુજારી શકાય, તેજ ભાર્યા કે જેને ભરોંસે પોતાનું સર્વસ્વ પોતાની જીંદગી—અને જેમાં જેમાં પોતાનું હિત સમાયેલું છે તે સઘળું ભળાવી દેવાય;—એવીજ સદ્દગુણી અને સુશીલ ભાર્યાની પ્રાપ્તિ એજ પરમેશ્વરની સર્વોત્તમ બક્ષીસ–અને ઉત્તમોત્તમ કૃપાની નિશાની સમજવાં."

—(લ્યુથર.)

સ્ત્રીને પતિ એજ પ્રિય વસ્તુ છે, એજ મિત્ર છે, એજ સર્વ સગામાં સગો છે, અને એજ જીવિત છે. લગ્ન થયા પછી પતિપ-

સ્ત્રીએ સુખદુઃખમાં સાથે રહેવાનો પવિત્ર ધર્મ હોય છે. લગ્ન સંબંધ એક કરાર નથી પરંતુ પવિત્ર બન્ધન છે, જે બન્ધન અભેદ્ય છે, અને તેજ પવિત્ર બન્ધનથી સ્ત્રીપુરૂષ એક બની રહે છે. પતિવ્રતા સ્ત્રીજ પવિત્ર ગણાય છે. સુખ મેળવવાને સર્વ સ્ત્રીઓ આશા રાખે છે, પરંતુ ખરૂં સુખ શેમાં રહેલું છે તે માત્ર કોઈજ સન્નારી સમજતી હશે.

"કુલીન કામનીઓ તણો, પરમદેવ પતિ છેજ;
તે સુખે તે સુખણી, દુઃખે દુઃખી ગણેજ."

પ્રેમ પ્રતિમા જે માતા, સ્નેહથકી લાડ લડાવી સર્વ ઇચ્છા પૂરી પાડનાર દયાળુ પિતા અને આનંદે સાથે રમતી ભણતી સખીઓને પણ છોડી દેતાં હૃદય કંપિત થતું નથી એજ પતિ પ્રેમની ખૂબી છે. માટે કુળવાન સ્ત્રીઓએ પોતાના પતિની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇયે.

અબળા જાતિએ આ જગમાં જન્મી સદા;
પતિકુળમાં નીતિથી કરવો વાસજો;
રાયસમું સુખ હોય જો માતપિતા ગૃહે,
પણ તે સુખની તલભર ન ધરવી આશજો.

(કેશવકૃતિ.)

પતિ, રોગી અથવા નિરોગી, આળસુ અથવા ઉદ્યમી, તવંગર અથવા ગરીબ, ખોડવાળો અથવા ખોડ વગરનો, મમતાળુ અથવા નિર્દય, સુન્દર અથવા કદરૂપો, ગમે તેવો હોય તો પણ કુલીન બાળાઓએ તેમને દુભાવવો નહિ. વચનાદિકથી તો શું પણ મનના વિચારથી પણ પતિપ્રત્યે અભાવ નજ લાવવો જોઇએ.

"ચાહે બાળક કે કદીક ઘરડો, માથે ભલે હો પળી,
ચાહે નિર્લજ કે બહાર ભમતો, છાનો ફરે તે છળી,
કુડો કે કદરૂપડો કુટિલ કે, રોગીજ હોએ વળી,
તોએ તે પ્રભુરૂપ માની ભજીલે, તેથી રહે લે મળી."

માટે પરમાત્માએ આપેલા પતિને પ્રભુતુલ્ય માની તેનીજ સેવા અને સ્નેહમાં સઘળું સંસાર સુખ સમાયેલું માનવું ઘટે છે. પતિ ઉપરથી કદી પ્રીતિ ખેસવવી નહિ, અને તેની ઇચ્છા પ્રમાણેજ ચાલવું એજ કુળવાન સ્ત્રીઓનો સર્વોત્તમ ધર્મ છે. સ્ત્રીએ પતિના વિરૂદ્ધ થવું એ તો પરમેશ્વરના નિયમથી વિરૂદ્ધ છે, જે સ્ત્રી પતિવ્રતા અને પતિ-પરાયણા થઇને સર્વદા ખુશીથી સ્વામીની સેવા કરે છે તેજ ઉત્તમ ધર્મપત્ની કહેવાય છે.

"દેવ પિયુ દૈવત પિયુ, ને પિયુ છે સ્ત્રીનો પ્રાણ;
લીન રહે પતિમાં સતી, તો થાયે કલ્યાણ."

(ન. બ. ના.)

જે સ્ત્રીને પોતાનો પતિ પ્રાણસમાન પ્રિય છે એજ ખરી સ્ત્રી છે. તેનોજ જન્મ સફળ છે. પોતાના પતિની સેવા કરવામાં મન, વચન, કર્મથી તત્પર રહેવું, એજ સાધ્વી સ્ત્રીઓનો ધર્મ છે તો પતિની ઇચ્છાને તાબે રહીને પતિની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરવું જોઇએ.

ગમે તેટલા વરસાદ છતાં પણ ચાતક જેમ આતુરને આતુર રહે છે તેમ પતિવ્રતા સ્ત્રી પણ પતિપ્રેમ સમ્પાદન કરવા આતુરને

આતુર રહે છે. આવી ઇચ્છા ધરાવતી સ્ત્રી સાધ્વી કહેવાય છે. એજ મહત્વાકાંક્ષાથી પ્રશંસાને પાત્ર છે; અને આવી મહત્વાકાંક્ષાથીજ સુજ્ઞ શિરોમણિની ગણનામાં અગ્રગણ્ય થવાશે.

" પતિનું પ્રિય કરવામાં તથા તેના હિતમાં તત્પર રહેનારી ઉત્તમ આચરણવાળી અને જિતેન્દ્રિય એવી સ્ત્રી આ લોકમાં કીર્તિ મેળવી પરલોકમાં અનુપમ સુખ મેળવે છે."

(શ્રી યાજ્ઞવલ્કય.)

ઘણી મૂર્ખ સ્ત્રીઓ સુન્દરતા તરફ લલચાઇ દુરાચરણ તરફ દોરાય છે, પણ આવી ખરાબ વર્તણુક કુલીન માબાપની પુત્રીઓને યોગ્યજ નથી, મળેલા પતિમાંજ સંતોષ માનવો જોઇએ. જે પતિની સાથે તમે સુખ દુઃખમાં રહેવાને શાસ્ત્રથી બન્ધાયલાં છો તેનો તિરસ્કાર કરવો કેટલો ધિક્કારને પાત્ર છે! આવી અધમ વૃત્તિઓને તરત દબાવી દેવી જોઇએ. વળી આવાં કૃત્યો કુદરતના નિયમથી, ન્યાયથી અને પ્રીતિના ધોરણથી પણ વિરૂદ્ધ છે; માટે દ્રવ્યના લોભથી, સુન્દરતાથી અથવા વિષયભાવનાની લાલસાથી લોભાતાં અટકવું. અયોગ્ય વિચારોને વેગળા કરી, પતિભક્ત થવાથી આ જગતમાં એવું કંઇ નથી કે જે તમને અપ્રાપ્ત રહે. ખરી કુલીન સ્ત્રીઓ પ્રેમનું પવિત્ર ઝરણ પતિ તરફજ વહેતું રાખી આવું અતિ ધિક્કારવા યોગ્ય કલંક લેતીજ નથી, અને પતિ નરમ હોય તોપણ ત્હેનાપર અવિચારી સ્ત્રીની માફક સત્તા વાપરતી નથી. જોરાવર સ્ત્રી પતિને વકર વગરનો કરી મુકી ખુશી થાય છે, તે એટલે સુધી કે દરેક બાબતમાં પતિને પત્નીની પરવાનગી લેવી જોઇએ. " દુર્બળ મનના રાજાનો પ્રધાન,

આળસુ શેઠનો મુનીમ, અને નમાલા પુરૂષની સ્ત્રીએ ત્રણ મર્યાદા ઉલ્લંઘી હમેશાં સ્વતંત્રપણે વર્તે છે." પણ તેમ ન કરતાં પતિ નબળો હોય તોપણ પોતે અબળા હોઇ, પરાધીનપણાને પાત્ર હોઇ, તેને સબળ ગણવો એજ ખરો ધર્મ છે. જે સ્ત્રી ઉચ્ચવિચારવાળી, પતિ પ્રત્યે પ્રેમવાળી અને પતિ એજ મ્હેનું સર્વસ્વ છે. એમ સમજનારી છે એણેજ પોતાનો ધર્મ બરાબર જાણ્યો છે એમ કહી શકાય છે.

શાર્દૂલ વિક્રીડિત.

" ચાલે ચોંપથકી સદાચરણમાં સૌભાગ્યથી શોભતી,
સ્વામીને સુખ આપવા પ્રતિદિને યત્નો કરે છે અતિ;
સંસારે સુખરૂપ એક નિજનો જે ધર્મ શોધી લહે,
તે નારી જનની શીરોમણિ સતીને શ્રેષ્ઠ સર્વે કહે."

(કેશવકૃતિ.

જે સ્ત્રીમાં આધીનતા ન હોય, પતિ પ્રત્યે પ્રેમ ન હોય તે સ્ત્રી, સ્ત્રીના નામને કે સ્ત્રીના કામને યોગ્ય નથી, માટે પતિભક્તિમાંજ તન્મય થઇ રહો. ખરા સુખની એજ કુંચી છે, એજ ઉત્તમ ઉપાય છે, તે તમે જેમ સાબીત કરશો તેમ તમારા સુભાગ્યને સત્વર ઉઘડેલું જોશો.

તિરસ્કારથી ભરેલાં વચનો જ્યારે પત્ની, પતિને કહે છે ત્યારે પતિપત્નીનાં મન અલગ થાય છે અને તેનેજ લીધે પતિપત્નીમાંથી વહાલ ઓછું થાય છે. ગમે એવો પુરૂષ ખરાબ હોય તો પણ પત્ની સમજુ હોય તો વિનયથી, દીન વચનથી, મ્હેને સુધારી લે છે,

"તેને તમે વશ જો થશો, તો તે તમને આધીન,
જો તનમનથી પૂજશો, તો તે તમમાં છે લીન."

(કેશવકૃતિ.)

સંસાર વહેવારમાં પતિપત્ની વચ્ચે મતભેદના ઘણા પ્રસંગો આવ્યા કરે છે. માટે પત્નીએ બહુજ શાન્ત સ્વભાવનાં થવું જરૂરનું છે. પતિના પ્યારની ઓછપ જોવામાં આવે તો તમારે તેનું કારણ શોધીને ક્ષમા માગવી જોઇએ, તેમ પતિનું કોઇ પણ કામ ભૂલ ભરેલું, ગેર સમજવાળું, પોતાને લાગે તો તેના તરફ પોતાની અપ્રસન્નતા એવા રૂપમાં ન બતાવવી જોઇએ કે જેથી પતિને ક્રોધ ઉપજે, પણ ઘણા વિનયથી કહેવું કે જેથી પતિ તેની ભૂલને સુધારતાં તમારી સારી સમજણ માટે ખુશી થાય. "દોર-તોરથી નહિ પણ નરમાશ અને ક્ષમાથીજ ઉશ્કેરાયલી લાગણીઓ શાન્ત પાડી શકાય છે." પતિની હાલત ગરીબ હોય તો પણ તેને માટે હલકો વિચાર લાવી પ્રેમ ઓછો કરવો તે કુલીન સ્ત્રીઓને ઘટે નહી. "જે સ્ત્રી પતિવ્રતા અને પતિપ્રાણા છે, અને જે હમેશાં બહુ આનંદથી પતિની સેવા ચાકરી કરે છે તે ધર્મભાગિની છે."

જગતના વિવિધ પ્રકારના પરિતાપ, ભય, કલહ, એ સુશીલ પત્ની દૂર કરી શકે છે. દિવસના તાપથી તપેલા જગતને રાતે જેમ ચંદ્ર શીતળતા આપે છે તેમ સંસારના તાપથી તપેલા માણસને સદ્‌ગુણી સ્ત્રી ઠંડક આપે છે.

"વચનામૃત રસપાન કરાવી પિયુ મન રાખે પ્રસન્નજોને,
એ રીતે જેણે પતિવ્રત પાળ્યું તે પ્રમદાને ધન્યજોને."

(ચંદ્રમણિ.)

"Love is Heaven, and Heaven is Love."

"પ્રેમ એ પરમેશ્વર છે, અને પરમેશ્વર એ પ્રેમમૂર્તિ છે."

રાજ્યપાટથી દૂર થતા સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર સાથે તારામતી પતિતરફના શુદ્ધ પ્રેમથીજ ગઇ હતી. સતી સીતાએ પણ તેવાજ શુદ્ધ પ્રેમે વનવાસ પ્રિય ગણ્યો હતો, અને સતી દ્રૌપદી પણ એવાજ નિર્મળ પ્રેમને લઇને પતિ સાથે લાંબો વખત વનમાં ભટક્યાં હતાં. આવી સતીઓ કે જે પતિના દુ:ખમાં સામેલ થઇ પતિનુંજ શ્રેય ઇચ્છતી હતી તેનેજ ધન્ય છે અને એટલાજ માટે તેઓ વન્દિત છે. તેમનાંજ આચરણો બતાવી આપે છે કે પ્રાચીન આર્ય રમણીઓ કેવી સ્વધર્મપરાયણ હતી.

શાર્દૂલવિક્રીડિત.

"નારી નિત્ય સહાય થાય પતિ જે, ધર્મે: કરે તેહમાં,
કો કાળે પ્રિયથી વિયોગજ નહિ, ઇચ્છે રહી સ્નેહમાં;
પાળે પોષણથી પ્રજા અશુભ જે, ધારે ન તે દેહમાં,
સંભાળીને વાપરે સ્વપતિ જે, લાવી મુકે ગેહમાં."

(કેશવકૃતિ.)

પતિ તરફનો ત્હમારો પ્રેમ શુદ્ધ બુદ્ધિનો છે એવી ત્હમારે પ્રસંગ આવતાં ખાતરી કરી આપવી જોઇએ, અને એથીજ દમ્પતીના અંત:કરણમાં પ્રેમ પ્રવાહ જોરથી વહી પ્રેમ વધારે સજ્જડ થશે. નિષ્કલંક, ધૈર્યવાન અને પતિપ્રેમી પત્નીના પતિને કેટલું ઉંચાજોણું અને પત્નીની પવિત્રતા માટે મગરૂરી રહેશે ! કેમકે પતિને બહાર

સારો અગર ખબર કહેવરાવવો તેનો ઘણો આધાર પત્નીની વર્તણુક ઉપર પણ રહે છે, વળી 'સુલક્ષણી પત્નીથી સુખકર અને કુલક્ષણી પત્નીથી દુઃખકર વસ્તુ દુનિયામાં એકે નથી.'

"પતિવ્રતા સ્ત્રીઓમાં નીચેના છ ગુણો સમાયેલા હોય છે. તે કોઇપણ કાર્યના વિચાર વખતે મંત્રી તરીકે પતિને મદદ કરેછે, ઘરના કામકાજમાં દાસી તરીકે, ભોજન વખતે માની પેઠે, શયનમાં રંભાની પેઠે વર્તે છે; ધર્મના કાર્યમાં અનુકૂળ રહેછે અને પતિનાથી અપરાધ થયો હોય છતાં પણ પૃથ્વીની પેઠે ક્ષમાને ધારણ કરે છે."

(શાર્ઙ્ગધરપદ્ધતિ.)

પતિ ગફલતી હોય તોપણ કુલીન સ્ત્રીએ મર્યાદા નજ છોડવી જોઇએ. પતિની નબળાઇનો લાભ લેતાં ન શીખવું પણ યુક્તિથી ત્હેને સુધારવા તરફ વિચાર રાખવા. કોઇ પણ બાબતનો પતિથી વિશ્વાસઘાત કરવો એ મહાપાપ છે, પત્ની, પતિની અર્ધાંગના કહેવાય છે, પણ જો પતિના વિચારો ત્હેના પેટમાં ટકી ન શકતા હોય તો પતિ સુખદુઃખની લાગણી ક્યાં કહેશે! જે સ્ત્રીના પેટમાં પતની ગુપ્ત વાત રહી શકતી ન હોય તેના પતિના ભૂંડા હાલજ સમજવા. માટે પતિની ગુપ્ત વાત પેટમાં રાખવાને આગ્રહી થવું જોઇએ. કોઇના કહેવા સાંભળવા ઉપર પતિની વર્તણુક માટે શંકિત થઈ ખોટા વહેમને આધીન થઇ ત્હેની લાગણી, ફાવે તેમ બોલી દુખાવવી ન જોઇએ. ધ્યાનમાં રાખવું કે—

'The distance between the ear and the eye is

very small, but the difference between hearing and seeing is very great."

(An Eastern Saying.)

"આંખ અને કાન વચ્ચે અંતર ઘણો થોડો છે પણ સાંભળવું અને પ્રત્યક્ષ જોવું એ વચ્ચે ઘણો ફેર છે."

વળી ખોટી વાતો કહી કલેશ કરાવી રાજી થનારાં વિઘ્નસંતોષીઓ આધુનિક સમયમાં થોડાં નથી, હાલ કેટલાં કુટુંબોમાં પારકી સ્ત્રીઓથી આવી રીતે સુખપૂર્ણ ઘરોના સંપનો નાશ કરાતો જોવામાં આવે છે! માટે આવી બાબતોમાં સાવચેત રહેવામાં સુખ છે.

પતિ સાથે કપટ રાખી તેનાથી ખરી વાત છૂપાવી અથવા પ્રથમ ખોટી વાત કરી પછી ખરી વાત જણાવવાથી પતિનો વિશ્વાસ ઉડી જાય છે, અને આથી પરસ્પર અવિશ્વાસ અને અભાવ ઉત્પન્ન થાય છે, માટે હમેશાં સાચુ બોલવાની ટેવ રાખવી, સત્ય બોલવાથી કદી કોઇ વાર દુઃખ આવે તો પણ હિંમત રાખવી.

સાચે સજ્જન શોભશે, સાચે સરસે કામ;
સાચે જગ જશ જામશે, સાચે રીઝે રામ.

(મણી)

હઠીલાઇ એ સ્ત્રીઓમાં મ્હોટો દુર્ગુણ છે. કૈકેયીના હઠથીજ શ્રી રામચંદ્રજીને લાંબો વનવાસ વેઠવો પડયો, સતી સીતાને પોતાનાજ હઠથી પતિવિરહ ખમવો પડયો. તો પત્નીમાં આવા અવગુણ દુઃખદાયક થયા વગર કેમ રહે! જો બાલ્યાવસ્થામાં આ અવગુણરૂપી

બીજ રોપાય છે તો ઉમ્મરમાં વધતાં તે પણ વધે છે, સારાં કામ કરવાનો હઠ પકડવો તે આગ્રહ અને ખરાબ કામ કરવાનો હઠ પકડવો તે દુરાગ્રહ, માટે દુરાગ્રહી ન થવું જોઇએ. સ્ત્રીનું સરસ હૃદય, પ્રેમ અને મધુર ભાષણ ગૃહસ્થાશ્રમમાં એક લાભ છે.

" Woman has been styled the angel of the unfotunate " "સ્ત્રી દુઃખી પુરૂષની ભાગ્યદેવી છે."

સુખમાં ભાગ લેવો ગમે છે તો દુઃખમાં જુદાં નજ રહેવું જોઇએ. તંગીને વખતે પોતાપાસે જે હોય તેનાથી પતિને મદદ કરવી. ભીડને વખતે પોતાનુ તે પતિનુંજ છે એમ આગ્રહ કરવો જોઇએ. ગમે તેટલા દુઃખમાં પતિપત્નીનો ગાઢો પ્રેમ દુઃખ ઓછું કરે છે. દુઃખમાં ભાગ લે એજ ખરી પત્ની, અને એજ ખરો ધર્મ છે. વેળા વેળાની છાંયડી છે, કોઇનો એક સરખો સમય રહેતો નથી. "કુદરત માણસને બહુવાર સમ્પૂર્ણતાની ટોચ ઉપર જેવા વેગથી ચડાવે છે તેવાજ વેગથી ઢોળા પાડે છે."

ઘણી જગ્યાએ આપણે જોઇએ છીએ કે ઘણા માણસને વગર કારણે દુઃખ આવી પડે છે, પણ એમ થાય ત્યારે સમજવું જોઇએ કે સારા કર્મનું કંઈ નઠારૂં ફળ હોતુ નથી, તેમ નઠારા કર્મનુ સારૂં ફળ હોતુ નથી. ત્યારે જો સારૂં કરનારને દુઃખ આવે તો એમ જાણવું કે પાછલાં પાપનુ ફળ છે, અને જો પાપીને સુખ મળે તો જાણવું કે પાછલાં પુણ્યનું ફળ છે. મતલબ કરેલાં કર્મનાં ફળ મોડાં કે વહેલાં ભોગવવાં પડે છે. પતિ પૈસાવાળો હોય, સુખી હોય ત્યારે જેટલાં ઉત્સાહી, આનંદી અને પ્રેમાળ દેખાતાં હો તેટલાંજ તેની ગરીબી

અને દુઃખના વખતમાં ખુશ, ધીર અને ઉમંગી દેખાઇ વાણીથી કે ચ્હેરાપરથી પતિને ઉલ્લટો ખ્યાલ નજ આવવા દેવો કેમકે પત્નીને ખુશ જોઇ પતિને પોતાનું દુઃખ ઓછું લાગેછે, ગરીબીમાંજ ત્હમારા સારા નરસા ગુણની ખબર પડે છે: જ્યારે ચોતરફથી સુખનો વાયુ વાતો હોય, હૃદય હર્ષથી ભરપૂર હોય અને કંઇ પણ આફત ન હોય તેવા સુખપૂર્ણ દિવસોમાં સ્ત્રીની પરીક્ષા નથી પણ દુઃખનો સમય કે જે વખતે આફતરૂપી વાદળાં ચડી આવ્યા હોય તેવેજ કઠિન વખતે તમારી ખરી કસોટી છે. "પતિવ્રતા સ્ત્રી સાંસારિક દુખ્ખાની વિટંબનામાં વ્યથા પામતા પતિને શાન્તિનુ સ્થાન થઇ પડે છે, એટલુંજ નહિ પરંતુ અખંડ પ્રેમના નિર્મળ ઝરાનું પાન કરાવી દગ્ધ થયેલા જીગરને ઠંડુગાર કરી દે છે."

જ્યારે શ્રી રામચંદ્રજીએ "ત્હમારે વનવાસ વેઠવો અને ભરતને રાજ આપવું" એવાં પિતાનાં વચનો રાજ્યસુખની સમ્પૂર્ણ આશા રાખી રહેલા સીતાને કહ્યાં અને તે સાથે 'વહાલી સીતા! હું મહાવનમાં જઇશ અને ત્હમારે અહિંજ રહેવું' એમ કહ્યું ત્યારે ઘણા પ્રેમવાળાં, પતિભક્ત તથા સ્વધર્મ જાણનારાં જાનકીએ હસ્ત જોડી 'આપના વિના હે રામ! સ્વર્ગમાં પણ વાસ હોય તો તેથી પણ હું ખુશી થનાર નથી.' વગેરે વગેરે વચનો કહી નમ્રતાથી સાથે લેવા આગ્રહ કર્યો હતો તે માત્ર પતિથી દૂર ન જવાના હેતુથી, દ્રઢ નિશ્ચયથી. રાજ્યહીન, દ્રવ્યહીન, વસ્ત્રહીન, ભૂખ્યા અને તરસ્યા પતિસાથે વનમાં ભટકનાર, પોતાને થતુ દુઃખ નંહિ ગણકારી પતિના દુઃખમાં ભાગ લેનાર, નળ રાજાની પત્ની દમયંતી પણ પતિ તરફના શુદ્ધ પ્રેમેજ કીર્ત્તિ પામેલ છે. પ્રાચીન વખતમાં આવી પતિભક્ત રમણીઓ

ઘણી થઇ ગઇ છે જેનાં ઘણાં દ્રષ્ટાંતો મળી આવે છે. કુલીન સ્ત્રીઓ દુઃખથી પીડાય તો પણ નીતિમાર્ગ છોડતી નથી. દુઃખમાં ધીરજ રાખવી એજ મોટી બહાદુરી છે.

" મનુષ્ય જ્યારે દુઃખનો અનુભવ કરે છે, ત્યારેજ સુખનો રસભર્યો અનુભવ લઇ શકે છે. કારણ કે તાપથી તપેલા મનુષ્યનેજ વૃક્ષની છાયા વિશ્રાન્તિરૂપ છે. "

(વિદુરનીતિ.)

વળી—

" સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટસાથેરે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીયાં. "

(નરસિંહ.)

" તેમ કદી નહિ પડવું એમાં આપણી ઘણી કીર્ત્તિ નથી પણ દરેક વખતે પડીએ કે ઉઠવું એમાં મોટી કીર્ત્તિ છે. "

(કોનફુસિઅસ.)

મતલબ વિપત્તિમાં ધૈર્યાશ્રય કરવો.

અભ્યાસમાં અથવા કામમાં પતિ પછાત હોય તો ' ત્હમે શું કરવાના હતા ! ' એમ નાહિમ્મતના અથવા તિરસ્કારના શબ્દો ન બોલવા જોઇએ. ભલે બીજા સારા હોય તો પણ પોતાના પતિને વખોડવો એ સન્નારીનો ધર્મ નથી. ' એમાં શું ! પ્રયત્નથી પ્રભુ સહાય થશે; દિલગીર ન થાઓ. ' એવા ઉત્તેજક શબ્દો વિનયથી કહેવાથી ઉત્સાહ વધે છે. જે ઘરમાં પતિ એજ પ્રભુ એમ માનનારી

સ્ત્રી ન હોય તો તે ઘર અનેક વૈભવોવાળું હોય છતાં શોભતું નથી. પત્નીનો ધર્મ એ છે કે પતિને ખુશ રાખી ખરા વહાલથી વર્ત્તવું. પતિના સુખ આગળ બીજું બધું સુખ નકામું છે, પણ એ સુખ ભોગવવું તે પોતાનાજ હાથમાં છે. સતિને પતિની ઇચ્છા એજ પોતાની ઇચ્છા, પતિનો હુકમ એજ ત્હેનું કર્ત્તવ્ય, પતિનાં દર્શન એજ ત્હેનું સુખ, અને પતિમાં લીન થવું એજ ત્હેની સાર્થકતા છે. પતિની આજ્ઞા પાળવા શિવાય બીજું કાંઇ તે જાણવા ચહાતી નથી. આવી દીનતા અને આવી આધીનતાને લીધેજ તે વંદનીય છે. સતીનો પ્રભાવ જેવો તેવો નથી. સતીના આશીર્વાદથી કઇકનાં કલ્યાણ થઇ ગયાનું અને તેના કોપથી કઇક પાયમાલ થયાનું શાસ્ત્રથી જણાય છે. શીયલ એ સ્ત્રીનો સાચો શૃંગાર છે, સૌભાગ્ય એ સ્ત્રીનું આનંદદાયક જીવિત છે, માટે તે બન્નેનું પ્રાણકરતાં પણ અધિક રક્ષણ કરવું જોઇએ.

વખતોવખત સહજ વાતમાં વાંકું પાડનારાં ન થવું. જે સ્ત્રી પોતાના પતિનો સ્વભાવ પણ સાંખી શકતી નથી તે અન્ય સેવા કેમ કરી શકશે ! પતિ કદી ગુસ્સે થાય તોપણ પત્નીએ સામું બોલવું એ શરમભરેલું છે, પણ જ્યારે ગુસ્સો ઉતરે ત્યારે શાન્તિથી બધી બીના જણાવી દેવી પણ સ્ત્રીએ સામો ક્રોધ કરવો નહિ. કેમકે તેમાં પરિણામે પોતાની હાર અને પસ્તાવો થાય છે. પતિનો કોઇ દોષ કે અવગુણ જોવા જાણવામાં આવે તો તેથી તેના માથે ચીઢે ભરાઇ તિરસ્કાર કરવા નહિ, પણ થઇ શકતી યુક્તિઓ કરીને પતિના દુર્ગુણ છૂટે એવો પ્રયત્ન કરવો. આવી વર્તણુક રાખનારી સ્ત્રી જરૂર પતિની પ્રીતીપાત્ર થાય છે. સતિ, પતિ ગુસ્સે થાય કે તેની ઇતરાજી થાય, તો પણ ખેદ ન કરતાં, અઘટિત ઉપાયો ન લેતાં પતિનું મન કેમ પ્રસન્ન થાય તેજ

શોધે છે, પતિની વર્તણુક ગમે તેટલી દોષવાળી હોય તો પણ પોતના મનમાં બીલકુલ હલકા વિચાર ઉત્પન્ન થવા દેતી નથી, અને જેણે કરીને પતિના સ્રવ દોષ જતા રહી પોતાનું સારૂં થાય તેવાજ સુવિચાર અને નમ્રતા રાખી, હંમેશાંની માફક પતિ મરજીને આધીન વર્તે છે. મતલબ કે જેથી પતિનું મન પોતાના ઉપર હંમેશાં રાજી રહે અને જે ઉપાયે ત્હેનું મન શાન્ત રહી સુધરે તેજ કરવાને પતિવ્રતા યત્ન કરે છે. સ્રીએ પોતાના મનની વૃત્તિને આધીન રાખતાં શીખવું એજ અવશ્યનું છે.

"The wife does not beat the husband, but her temper rules him."

(R. P.)

"સ્રી પતિને કંઇ (ખરેખર) શિક્ષા કરતી નથી પરન્તુ તેણીનો (સુ) સ્વભાવ તેના (પતિ) ઉપર સત્તા ભોગવે છે," સારામાં સારા મિત્રો હોય, સારામાં સારા સંબંધી હોય, મનમાનતી દોલત હોય, પુષ્કળ વૈભવ હોય, તો પણ પત્નીનું હસતું મ્હોડું જોવાથી, અને પત્નીની સાથે સુખદુ:ખની બે ઘડી વાતો કરવાથી પતિને જેટલો અંતરમાં આનંદ ઉપજે છે તેથી બીજો બધો આનંદ ઉતરતો છે. પ્રભુએ સંસારરચના એવી કીધી છે કે સ્ત્રીના પ્રેમવિના પુરૂષથી આનંદ ભોગવી શકાયજ નહિ અને તેથીજ આપણા શાસ્રમાં સ્રીને અર્ધાંગના કહેલી છે, પોતાનાજ પતિની ભક્તિ તેજ ખરી ભક્તિ, ખરૂં તીર્થ, ખરૂં વ્રત છે, શુભ ફળ આપનાર છે, કુલીન કહેવરાવનાર અને કેળવણીને પણ શોભાવનાર તેજ છે.

" સંસારમાં સુખ પામવા મન હોય વધારે;
પ્રેમ વિના પ્રાણનાથના ન મળે તે લગારે."

(કેશવકૃતિ.)

ત્હમારો પતિ તમને સમજુ ગણી કોઈ બાબતમાં કાંઈ પૂછી સલાહ માગે, કામ સોંપે તો 'મને શું ખબર પડે! આવું મહેનતવાળું કામ કેમ થાય! મ્હારામાં શક્તિ નથી!' એવાં નિરુત્સાહી વચનો બકી દેવાથી તમે અણસમજુ છો તેવો ખ્યાલ આપવા જેવું થાય છે, પણ આવે વખતે ઉત્તમ મતિ, વૃત્તિવાળી સતી પતિને હૈયા સરસો લઈ આશ્વાસન આપે છે, આવાં આચરણોવાળી સ્ત્રીઓ કુલીન કહેવાય છે. આ દેશની આર્ય અબળાઓ પૂર્વે વિદ્યાકળા અને સદ્ગુણોથી શોભતી હતી તેમ છતાં વર્તણુંકમાં હાલની માફક અયોગ્ય નહિ પણ સાદી અને તેઓનું મન પતિપ્યારમાંજ મચ્યું રહેતું હતું. તેઓના આચારવિચાર ઉત્તમ હતા તેથીજ તેઓનું ગૌરવ સચવાઈ રહ્યું છે. આવી સુપ્રસિદ્ધ થયેલી સુન્દરીઓમાં કોઈ પણ એવી નહિજ સાંભળી હોય કે જેને વિઘ્નો અને અનેક પ્રકારની વિપત્તિઓ બીલકુલ ન આવતાં નિર્વિઘ્ને નામના મેળવી શકી હોય. કયાં સીતા! તારામતી! દમયંતી! દ્રોપદી! અનસૂયા! સાવિત્રી! વગેરે પ્રતિપ્રેમી, પતિવ્રતા અને કુટુમ્બકુશળ સાધ્વીઓ અને કયાં હાલની સ્ત્રીઓ!

" નથી બ્રાહ્મણી કે નથી વાણીયાણી,
અરે કયાં ગઈ આગલી નાગરાણી.!

મિરાંબાઈ સીતા સતી ક્યાં હવે છે!
ખરી આર્યબાળા અરે ક્યાં હવે છે!"

મનુસ્મૃતિમાં લખ્યું છે કે 'જ્યાં સ્ત્રીઓ પૂજાય છે ત્યાં દેવતા પ્રસન્ન રહે છે,' માટે સદ્‌ગુણ, સત્યતા અને ન્યાયનાં પક્ષપાતી થવું કે જેથી માનને પમાય.

પતિની તબિયત ઠીક ન હોય એવે વખતે હેના ચીઢિયા સ્વભાવથી અકળાવું ન જોઇએ. હમારાં મૃદુ વાક્યો વિદ્યુત્ પ્રભાવવાળાં હોય, પતિને આરામ આપવાને ઔષધ કરતાં પણ વધારે ચમત્કારી છે. સંસારચિંતા અને મનોવ્યથાના દુઃખમાં રીબાતા માણસને પોતાની સુન્દરતા અને મૃદુતાથી શાન્ત કરનાર સ્ત્રીજ છે, એક સુશીલ પત્નીનું એક મધુર સ્મિત, હેનો એક મીઠો શબ્દ, જીવનના અનેક ઉદ્વેગ ભૂલાવવાને, જીવનને સુખશાન્તિ, આનંદ અને આશામય બનાવવાને સમર્થ છે. હમારા મુખમાંથી ઝરતા મધુર શબ્દો હેને અતિ પ્રિય લાગે છે આવે વખતે હમારી આધીનતાની ખાતરી કરી આપવી કે જે વાત સમજુ પતિ કદી ભૂલી જશે નહિ. દરેક ફરજમાં 'પતિસેવા' સ્ત્રીઓની મુખ્ય ફરજ છે. સ્ત્રીને પતિતુલ્ય બીજો કોઇ આધાર કે રક્ષણ કરનાર નથી; દુનિયાનાં દરેક સુખ પતિની પ્રીતિવડેજ મળી શકે છે તો પતિ હૃદય સાથે પોતાનું હૃદય એવું ગોકરૂપ રાખવું કે પતિને અનુકૂળ તે પોતાને અનુકૂળ અને પતિને પ્રતિકૂળ તે પોતાને પ્રતિકૂળ લાગે. ખરાબ વિચાર આવે કે તેના તરફ તત્કાળ અલક્ષ કરી ઉત્તમ વિચાર લાવવો. જે સ્ત્રી કાયાથી, વચનથી તથા

મનથી નિયમિત રહીને કદી પણ ચલિત થતી નથી તે પતિવ્રતા ગણાય છે.

" સ્ત્રી અર્ધાંગી, સ્ત્રી સૌભાગી, સ્ત્રી લક્ષ્મી, સ્ત્રી દેવી,
એવી ઉપમા ખોઇને ખાલી, નીચી પદવી કાં લેવી રે. "

દરેક સ્ત્રીએ શીયલને પ્રાણથી પણ પ્રિય ગણી તેને સાચવવા હંમેશાં દરકાર રાખવી જોઇએ. જે સ્ત્રીએ શીયલ સાચવ્યું ત્હેણેજ ત્હેનો જન્મ સફળ કર્યો ગણાય છે. પતિવ્રતા સ્ત્રી શીયલનેજ, ખરો અમૂલ્ય અલંકાર અને ખરી દોલત સમજે છે. દરેક સ્ત્રી સુન્દર હોવાને બંધાએલી નથી પરન્તુ શીલવતી અને નીતિવાન થવાને શ્રીમન્ત અને ગરીબ દરેક સ્ત્રી બંધાયેલી છે. ડાહી, આવડતવાળી, ચતુર, ખુબસુરત વગેરે વગેરે કહેવાવા કરતાં પતિવ્રતા અને નીતિવાન એવાં કહેવાવું એ વધારે ઉત્તમ છે. માટે દરેક સૌભાગ્યવતીએ પતિવ્રત પાળી શીળ સાચવવું, અને પતિ ઉપર સદા અખંડભાવ રાખી ધણી-મયજ બની રહેવું પતિવ્રતા સ્ત્રીઓ પતિવ્રતના પ્રભાવથીજ પોતાની ભૂમિને શોભાવી દીપી નિકળે છે.

" જ્યાં ગુણવંતી સ્ત્રી કુળવંતી,
કુળ મરજાદે સંચરનારી;
ત્યાં ગૃહલક્ષ્મી ધર્મે સમાયે,
'મણિ' મનમાં એ નિશ્ચય ભારી."

સ્ત્રીને પતિજ પ્રભુ છે માટે પતિ ઘેર હોય કે બહાર હોય તો પણ તેનુંજ ચિન્તન-મનન રાખી સ્નેહને સંભારી વહાલને વધારતાં

થયું. પતિ પરદેશ હોય તો રમતગમત, શરીરનો શણુગાર, રખડવું, ઉત્સવ જોવા જવું, અતિ હાસ્ય કરવું, પરઘેર જવું તથા પરપુરૂષનો સમાગમ અવશ્ય ત્યાગ કરવાં, માત્ર માંગલિક સૌભાગ્ય ચિહ્નરૂપ જે આભૂષણ છે તેજ પહેરવાં, મોટેરાંના સહવાસમાં રહીને સદાચરણ, સત્ય, ગુરૂજનનો ઉપદેશ તથા કુળની મર્યાદાને વળગી રહેવું, અને પતિના આયુષની રક્ષા માટે નિત્ય સૌભાગ્યવ્રતો કરવાં.

"પતિ પરદેશ ગયેલ હોય ત્યારે પત્નીએ હમેશ ઘરેણાં પહેરવાં નહિ, પરન્તુ થોડાં માંગલિક આભૂષણોજ ધારણ કરવાં તથા દેવતાઓની આરાધના કરવામાં અને પતિનું હિત કરવામાં તત્પર રહેવું."

(બ્ર. પુ.)

"શણગાર શીલતણો સજી, શોભા કરવી સદાની,
અન્ય ભૂષણ નહિ ઇચ્છિયે, એજ ટેવ મજાની;
રાખવો રોજ લલાટમાં, ચાંદલો કંકુ કેરો,
કરિયે ઉદાસી ન કોઈ દિન, ચતુરાં નિજ ચેરો."

(કેશવકૃતિ.)

પતિ પત્ની એ શરીરદ્વારાએ જુદાં છે પરન્તુ અંતઃકરણથી એકરૂપ થયેલાંજ હોવાં જોઇએ.

"A husband is one person with his wife."

"પતિ પત્નીના યોગથીજ સમ્પૂર્ણ ગણાય." શુદ્ધ અંતઃકરણથી વહાલ કરનારી વનિતાનો પતિ પણ તેને તેટલા હેતથી ચહાય છે. પતિપત્ની વચ્ચે પ્રીતિભરેલું આચરણ, પરસ્પરના અંતઃકરણની એકતા, પરસ્પર સુખ આપવાની શુભેચ્છાઓ, એજ સાચા સદ્‌ગુણ

કહેવાય છે. શુદ્ધ પ્રેમ એ ઉત્તમ વસ્તુ છે, તે ઘણા પ્રકારની વ્યાધિમાં મદદ કરે છે, અને શુદ્ધ પ્રેમ વિપદ વેળામાં શિથિલ થવાને બદલે અધિક જામે છે.

સ્ત્રીનું અખંડ તપ જે પતિવ્રત છે તે જેણે ગ્રહણ કર્યું છે, તથા સ્ત્રીનું ભૂષણ જે શીયલ તેને સાચવવાની સાધના સિદ્ધ કરી છે તે સ્ત્રી મનુષ્યને તો શું પણ દેવને પણ વંદનીય છે.

ગીતિ.

"પતિવ્રતા વ્રત પાળે, પ્રેમદા જે પૂર્ણ પ્રેમથી શાણી;
સફળ જન્મ છે તેનો, શાસ્ત્ર પુરાણો વદે એમ વાણી."

જે પવિત્ર મનની, ડાહી, પતિવ્રતા, પતિપ્રેમી અને સત્ય વદનાર હોય તેનું નામજ "સન્નારી."

આર્યાવર્તની સર્વ સુન્દરીઓ ઉત્તમ સ્ત્રીઓની પંક્તિમાં ગણાય એજ ઉચ્ચ અભિલાષા ! જે સર્વ સમર્થ જગન્નિયંતા સર્વેશ્વર સફળ કરો !

સમાપ્ત

ગૃહસ્થોના ઘરોમાં સંગ્રહ કરવાલાયક તથા નિશાળો-માં આપવાલાયક અતિ લોકપ્રિય પુસ્તકોઃ—

મે. પબ્લિક ઈન્સ્ટ્રકશનના ડિરેક્ટર સાહેબે મુંબાઈ ઈલાકામાં પ્રાથમીક કન્યાશાળાઓ માટે ઈનામ તેમજ લાયબ્રેરી માટે મંજુર કરેલું, તથા શ્રીમંત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી તથા શાળા-ઓમાં ઈનામ ખાતે મંજુર કરેલું:—

સૌભાગ્ય શિક્ષાબ્ધિ.

ભાગ ૧ લો, (આવૃત્તિ ચોથી.)

જેઓ ઘરની દરેક વયની સ્ત્રીઓને, પુત્રીઓને, ભગિનીઓને, પવિત્ર, સુશીલ, શ્રેષ્ઠ, કર્ત્તવ્યપરાયણ જોવા ઇચ્છતા હોય, સંસારનું સર્વોત્તમ સુખ–સ્ત્રીજાતી–તેમનો ઉદય ચહાતા હોય, સંસાર ઉચ્ચ અને સુખ પૂર્ણ જોવાને શુભ હેતુ ધરાવતા હોય તેવા દરેક સજજને આ પુસ્તક ઘરમાં રાખવાની આવશ્યકતા છે. અન્ય ભાષાઓનાં વિદ્વાનો-એ "**સૌભાગ્ય શિક્ષાબ્ધિ**" પુસ્તકનું ભાષાન્તર કરવાની કર્ત્તા પાસે પરવાનગી માગી છે. એજ એના અતિ ઉત્તમપણાની સાબીતી છે.

કિંમત રૂપિયો સવા, વી. પી. ખર્ચ જુદું.

પતિપ્રેમ–પતિવ્રત, (૪) સુખ દુઃખ, (૫) વિવિધ, વગેરે વગેરે અતિ અગત્યના વિષયોને ઉપયોગી ઉમદા કાવ્યોનો સંગ્રહ કરવામાં આવ્યો છે જેથી બાળા, યુવતિ, પ્રૌઢા સ્ત્રીઓ કે જેમને પોતાનું ખરૂં કર્ત્તવ્ય સમજવા પૂર્ણ ઇચ્છા છે એવી સ્ત્રીઓને અવકાશને વખતે તથા વ્રત ઉપવાસ, જાગરણ વગેરે તહેવારોના શુભ દિવસોમાં આ પુસ્તક સુસખીરૂપ થઇ પડે તેમ છે. કિંમત આના બાર વી. પી. ખર્ચ જુદું.

શ્રીમન્ત વડોદરા સરકારે શાળાઓમાં ઇનામ તથા લાયબ્રેરી માટે મંજુર કરેલું:–

માતા ફરજ યાને બાળકોપયોગી ઔષધ.

આ પુસ્તકથી માતાની જિન્દગી શરૂ કરતી અને કરવાની સ્ત્રીઓને પોતાનાં બાળકોને ઉછેરવાનું સમ્પુર્ણ જ્ઞાન મળે તેમ છે. મતલબ માતા થયેલી અને થવાની સ્ત્રીઓને આ પુસ્તક પોતાનાં બાળકોનાં હિત ખાતર અવસ્ય વાંચવા જેવું છે (ત્રણે ભાગ સાથે)

કિંમત આના દશ, વી. પી. ખર્ચ જુદું.

શ્રીમન્ત વડોદરા સરકારે લાયબ્રેરી માટે મંજુર કરેલું:—

જ્ઞાનવચન. (ત્રીજી આવૃત્તિ.)

આ પુસ્તકમાં જુદા જુદા વિદ્વાનોના, પુસ્તકોનાં ભિન્ન ભિન્ન બોધવચનોનો સમાવેશ કરવામાં આવ્યોછે, અને તે શ્રીમન્તને સલ્લાહકારક, દરિદ્રને દિલાસારૂપ, આશારહિતને આશારૂપ અને અધિકારીને

મિત્રરૂપ થઇ પડે તેમ છે, જેથી જ્ઞાનના એક લઘુ ભંડારની આ પુસ્તકને ઉપમા આપીએ તો આપી શકાય તેમ છે. મતલબ દરેકને કંઇ કંઇ તેમાંથી નીતિ-જ્ઞાનનું નવું શીખવાનું મળે છે.

કિંમત આના ચાર, વી. પી. ખર્ચ જુદું.

યુવાન સ્ત્રીઓમાં અતિપ્રિય થઇ પડેલું.

સ્ત્રીઓનું ખાનગી વાંચન.

(સગર્ભા સ્ત્રીની સંભાળ વિગેરે.)

આ પુસ્તકમાં રજસ્વલા તથા ગર્ભાવસ્થા કે જેમાં સ્ત્રીઓ વ્યાધીઓથી પીડીત રહે છે તે અવસ્થાની શરૂઆતમાં દરેક સ્ત્રીએ આ સમજી શકાય તેવું લઘુ પુસ્તક વાંચવાથી ઘણો ફાયદો મેળવી શકાય તેમ છે.

કિંમત આના અઢી, વી. પી. ખર્ચ જુદું.

શ્રીમન્ત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી તથા શાળાઓમાં
ઇનામ ખાતે મંજુર કરેલું:—

સુન્દરી અને સાક્ષરો.

આ પુસ્તકમાં જુદા જુદા દેશના અનેક સાક્ષરો, ગ્રંથો, કવિઓ વગેરેએ પવિત્ર પ્રેમાળ સુન્દરીઓની પ્રતિષ્ઠા પ્રકાશિત કરનારાં કહેલ વચનોનો ઉમદા સંગ્રહ કરવામાં આવેલો હોવાથી કુલીન કાન્તાઓની

કિંમત સમજવા માટે આ એકજ લઘુ પુસ્તકનું વાંચન બસ થશે.

કિંમત આના બે, વી. પી. ખર્ચ જુદું.

શ્રીમન્ત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી તથા શાળાઓમાં ઇનામ ખાતે મંજુર કરેલું:—

દરદીની માવજત.

'માંદાંની માવજત' કરવા સંબંધીનું ઘણું સારૂં જ્ઞાન આ લઘુ લેખના વાંચનથી મળી શકે છે અને તેથીજ દરેક સ્ત્રી પુરૂષે આ લેખ પોતાનાં કુટુંબનાં હિતખાર કાળજી સાથે વાંચવા ખાસ આવશ્યકતા છે.

કિંમત આના બે, પો. વી. પી. ખર્ચ જુદું.

પોરબંદર સ્ટેટમાં ઇનામ માટે મંજુર કરેલું:—

નારીઓનું નિત્ય વાંચન.

(ત્રીજી આવૃત્તિ.)

આ પુસ્તકના વાંચનથી દરેક ઉમરની સ્ત્રીઓને નીતિ, ધર્મ તથા ગૃહ અને સંસાર વ્યવહારનું ઉમદા જ્ઞાન મળતું હોવાથી બાળા, યુવતિ, પ્રૌઢા, વિધવા વગેરે તમામ સ્ત્રીઓના નિત્યના વાંચન તરીકે આ લઘુ પુસ્તક દરેક ગૃહમંદિરમાં હોવાની આવશ્યકતા છે.

કિંમત આના બે, વી. પી. ખર્ચ જુદું.

યુવાન પુત્રીઓને અવશ્ય વંચાવવા લાયક.

પત્ની ધર્મ.

આ લઘુ પુસ્તક, પરણીને સંસારમાં પ્રથમ પ્રવેશતી બાળાઓને સુસખીરૂપ થઇ પડે તેવુંજ હોવાથી ઉમ્મરે પહોંચતી બાળાઓના વડિલોએ ત્હેમને અવશ્ય વંચાવવું જોઇએ.

કિંમત આના બે, વી૦ પી૦ ખર્ચ જુદું.

પુષ્કળ અભિપ્રાયો માંહેથી જુજઃ—

I know **Mr. Natwarlal K. Vaishnav.** He is a **typist** and has written several **Gujarati books** containing **useful information for young girls. I** had engaged him to **teach my daughters.** I was **satisfied** with his **work. He is a respectable young man.**

(Sd.) **P. G. Masurekar.**
B. A., LL. B.,
Barrister-at-Law.

...તમારા લેખો બધાય સારા છે.

(સહી.) મુરારજી આણંદજી તન્ના,
બી. એ., એલએલ. બી.

...સ્ત્રી વર્ગ માટેની કેટલીક ખામીઓ પૂરી પાડવાને તમે પ્રયત્ન કરો છો તેવા પ્રયત્નોમાં પ્રભુ તમને સહાય આપે એજ પ્રાર્થના !

(સહી.) સાકરલાલ મો. વછરાજાની.
બી. એ., એલએલ. બી.

...ત્હમારો સાહિત્ય પ્રેમ જોઇ અમોને આનંદ થાય જ...સાક્ષર જીવનમાં એક સારૂં નામ કાઢી કુટુમ્બને યશરૂપ નીવડો એવી મ્હારી પ્રભુ પ્રાર્થના છે !

(સહી.) જયસુખરાય પુ. જોષીપુરા.
એમ. એ.,

BARTON FEMALE TRAINING COLLEGE,
Rajkot, 21—4—1909.

DEAR SIR,

I have gone through the three books viz. "સૌભાગ્ય શિક્ષાબ્ધિ," "માતાફરજ" and "સગર્ભા સ્ત્રીની સંભાળ." I must say I think that they all deal with subjects on which many Indian Ladies need instruction, and about which they are hopelessly ignorant.

I shall certainly try and make use of your books and shall give them as prizes when the opportunity occurs.

(Sd.) F. MCAFEE,
Superintendent B. F. T. College.

...તમારૂં ખાનગી જીવન જાણી–બ્હેનો પ્રત્યેની ત્હમારી ભલી લાગણી જાણી ત્હમોને ધન્યવાદ આપતાં ઘણાં ખુશી થઇએ છીએ.

(સહી.) જમનાંબાઇ નગીનદાસ સક્કઇ.
પ્રમુખ–ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ–મુંબઇ.

...મ્હારી વ્હાલી બ્હેનોને ખ ઉપયોગી થઇ પડે, તેવા વાચનનો જે તદ્દન અભાવ હતો, તે ખોટ સર્વાંશે પૂરી પાડવાને કેટલાક સમયથી આપ આપના અમુલ્ય વખતનો ભોગ આપી, સ્વાર્થ ત્યાગ

દૃષ્ટિએ તન, મન અને ધનથી સતત પ્રયાસ આદરી રહ્યા છે. આપની ઉચ્ચ અભિલાષાને સહસ્ત્ર ધન્ય હો !

(સહી.) ચંદ્રમણિ.

...રા૦ રા૦ **નટવરલાલ કનૈયાલાલ વૈષ્ણવ**, ટાઇપિસ્ટ ફથી પ્રકાશિત કરવામાં આવેલાં સ્ત્રી ઉપયોગી પુસ્તકો બહુ ટૂંક સમયમાં થવા પામ્યાં છે... "ગુજરાતી પંચ"

...શ૦ વૈષ્ણવ કેટલાક ગમયથી સ્ત્રી ઉપયોગી વાંચન પૂરું પાડવાને સ્તુત્ય પ્રયાસ આદરી રહ્યા છે અને આપણે ઇચ્છી શું કે તેમના પ્રયત્નો ફતેહમંદ થાઓ... "બુદ્ધિ પ્રકાશ."

...રા૦ રા૦ એન. કે. વૈષ્ણવનાં મેં ઘણાં ખરાં સ્ત્રી ઉપયોગી પુસ્તકો અવલોકયાં છે. તેમણે સ્વાર્થ સાથ પરમાર્થ સિદ્ધ કરી બુદ્ધિ, સમય અને ધનનો સદુપયોગ કર્યો છે, અને નીતિનો નમૂનેદાર રંગ ઢંગ સ્ત્રી સમાજના મન મંદિરમાં કાયમ થવા સ્તુત્ય ઉદ્યોગને સફળ કરવાનો માર્ગ આદર્યો છે... "ધનવંતરી"

...શ્રીયુત વૈષ્ણવે સ્ત્રી કેળવણીને લગતાં ઘણાં ઉપયોગી પુસ્તકો લખ્યાં છે અને તેનો જન સમાજમાં પણ સારો સત્કાર થતો જોઇને અમને ઘણો આનંદ થાય છે. "વિવેચક"

...રા૦ નટવરલાલે દરેક મને સરખાં ઉપયોગી ... તેવાં સ્ત્રીઓમાં નીતિ-જ્ઞાન અને આરોગ્ય વધારનારાં સામટાં પુસ્તકો લખ્યાં છે. તેમના દરેક પુસ્તકના વિષયો ટુંકા અને સરલ ભાષામાં ઘણાજ સંભાળપૂર્વક લખાયેલા હોવાથી તેમનાં બધાં પુસ્તકો સ્ત્રી-